જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૩/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૦૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૭	૦	૧૧૩૦૭	૧૭૪૨૭	૦	૧૭૪૨૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૨૦૪	૧૪૧	૨૯૩૪૫	૩૦૫૬૬	૧૩૨	૩૦૬૯૮
કુલ		૪૫૨૮૩	૧૪૧	૪૫૪૨૪	૫૪૪૯૭	૧૩૨	૫૪૬૨૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧	૮,૮૩,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૩૫	૮,૩૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “ઘરફોડ ચોરીના” એક આરોપીઓને કુલ રૂ.૯૪,૮૩૫/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા સર્વેલંસ સ્કવોડ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના “પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાભલા” નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે નરોડા મહાજનીયા વાસ પાસે જાહેર રોડ ઉપરથી આરોપી નામે આકાશ ઉર્ફે નયન ઉર્ફે કાલુ કમલેશભાઇ દેસાઇ (નાડીયા) ઉ.વ-૨૦ ધંધો-મજુરી રહે મહાજનીયાવાસ,વિમલ મેડીકલની સામે,સરદારનગર, અમદાવાદ નાને “નરોડા પોસ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૩૫૨૧૦૩૫૪ /૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે ચોરી કરી ગયેલ અલગ-અલગ કંપનીના ખાધ્ય તેલના ડબ્બા – ૧૦ તથા બે નાના ડબ્બા સાથે કુલ્લે કીમત ૨૪,૮૩૫/- તથા ચોરીના કામે ઉપયોગ કરેલ સી.એન.જી રીક્ષા નં-જી.જે-૦૧-ટી.એફ-૩૫૫૮ કિ .રૂ ૭૦,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ ૯૪,૮૩૫/-ના મુદ્દામાલ સાથે પકડી તા.૧૮/૦૩/૨૦૨૧ ના કલાક ૦૨/૧૨ વાગે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૧૮/૦૩/૨૦૨૧.

વોન્ટેડ (૧) જયસીંગ ઉર્ફે છુન્નુ સ/ઓ શ્યામવીરસીંગ તોમર રહે હુકુમસીંગની ચાલી,ચમનપુરા,મેઘાણીનગર,અમદાવાદ (૨) મનોજચાચા રહે ગોકુલચંદ કસ્તુરચંદની નવી ચાલી,ચમનપુરા,મેઘાણીનગર અમદાવાદ શહેર,

મુદ્દામાલ અલગ-અલગ કંપનીના ખાધ્ય તેલના ડબ્બા – ૧૦ તથા બે નાના ડબ્બા સાથે કુલ્લે કીમત ૨૪,૮૩૫/- તથા ચોરીના કામે ઉપયોગ કરેલ સી.એન.જી રીક્ષા નં-જી.જે-૦૧-ટી.એફ-૩૫૫૮ કિ .રૂ ૭૦,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ ૯૪,૮૩૫/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.રણજીતસિંહ પ્રતાપસિહ બ.નં.૪૯૯૦ તથા પો.કો. નરેન્દ્રસિંહ છત્રસીંહ બ.નં.૬૧૯૮ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર. પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપીઓના નામ -

આકાશ ઉર્ફે નયન ઉર્ફે કાલુ કમલેશભાઇ દેસાઇ (નાડીયા) ઉ.વ-૨૦ ધંધો-મજુરી રહે મહાજનીયાવાસ,વિમલ મેડીકલની સામે, સરદારનગર, અમદાવાદ





જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :- (૧)

ભારત અને ઇંગ્લેડ વચ્ચેની ટવેંટી-ટવેંટી ક્રિકેટ મેચનો લાઇવ સેશન ઓસવરનો ક્રિકેટ સટ્ટો રમતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સૈજપુર પોલીસ ચોકી ના અ.હેડ.કોન્સ મહેંદ્રસિંહ નરવતસિંહ બ.નં.૫૧૩૨ તથા તેઓની ચોકીના સ્ટાફના માણસો તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કર્ફ્યું સમય દરમ્યાન રાતના ક.૨૨/૦૦ થી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૨૨/૩૦ વાગે સૈજપુર આર્ય સમાજના મંદિર પાસે આવતા સર્વેલન્સ સ્કોર્ડના અ.હેડ.કોન્સ અતુલકુમાર મુળજીભાઇ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ જેણે શરીરે વાદળી જેવા કલર નો શર્ટ તથા બ્લુ બ્લેક કલર જેવુ પેન્ટ પહેરેલ છે, જે ઇસમ ચોરી છુપીથી સૈજપુર આર્ય સમાજની ગલી માં જાહેર રોડ ઉપર પોતાના મોબાઇલમાં પોતાના આર્થીક લાભ સારૂ અમદાવાદના મોટેરા ખાતેના મેદાન મા રમાતી ભારત અને ઇંગ્લેડ વચ્ચેની ટવેંટી ટવેંટી ક્રિકેટ મેચનો સેશન ઓવરનો સટ્ટો(ડબ્બો) પોતાના મોબાઇલ ફોનમાં રમી રમાડે છે." જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ રેઇડ કરી મો.ફોન માં ટવેંટી ટવેંટી ક્રિકેટ મેચનો સેશન ઓવરનો સટ્ટો(ડબ્બો) રમતા એક ઇસમ ને વિવો કંપની નો મોબાઇલ ફોન કિ.રૂ.૫,૦૦૦/-તથા અંગજડતીના રોકડા નાંણા રૂ.૬,૨૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૧૧,૨૦૦/-ના મુદ્દામાલ સાથે ક.૨૩/૪૫ વાગે પકડી આ વેબસાઇડ http;//Betexch99.net માં આઇડી નં.COR0001 નુ આઇ.ડી.આપનાર સીટી સેન્ટર ખાતે રહેતો નીલો નામનો માણસ જેના પુરા નામ ઠામની ખબર નથી મો.નં-૯૯૨૫૧૦૯૩૧૬ નો છે તેના વિરૂધ્ધમાં તપાસ ચાલુ રાખી સારી કામગીરી કરેલ છે તેમજ સદરી પકડાયેલ ઇસમ નાએ કર્ફ્યુના સમયગાળા દરમ્યાન જાહેરનામા નો ભંગ કરેલ હોય જેથી તેના વિરૂધ્ધમાં અલાયદુ ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ જાહેરનામાં ભંગ ની કાયદેસરની કાર્યવાહી કરેલ છે તા.૧૯/૦૩/૨૦૨૧

મુદ્દામાલ :- અંગજડતી માંથી મેળવેલ એક વિવો કંપની નો મોબાઇલ ફોન કિ.રૂ.૫,૦૦૦/-તથા અંગજડતીના રોકડા નાંણા રૂ.૬,૨૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૧૧,૨૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

અ.હેડ.કોન્સ મહેંદ્રસિંહ નરવતસિંહ બ.નં.૫૧૩૨ તથા અ.હેડ.કોન્સ અતુલકુમાર મુળજીભાઇ બ.નં.૪૦૧૬ તથા લોકરક્ષક ભગીરથસિંહ સજાભાઇ બ.નં.૧૨૯૦ તથા બીજા સ્ટાફના માણસો

આરોપીઓનું નામ :

(૧)જીતુભાઇ રમેશભાઇ જાતે જામનાણી ઉ.વ.૩૯ રહે મ.નં.૧૨૮ પાણીની ટાંકિ ગલી જયશંકર સોસાયટી ઠક્કરનગર અમદાવાદ શહેર તથા નં-(૨)(નહી મળી આવેલ)નીલો નામનો માણસ રહે,સીટી સેન્ટર નરોડા પાટીયા નરોડા અમદાવાદ શહેર જેના પુરા નામ ઠામની ખબર નથી મો.નં-૯૯૨૫૧૦૯૩૧૬

આરોપીનો ફોટો



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :- (૨)

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૭/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૭/૫૦ વાગે સૈજપુર બોઘા ટાવર પાસે આવતા સર્વેલન્સ સ્કોર્ડના **અ.પો.કોન્સ હિરેનકૃમાર મધુસુદનભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **સૈજપુર બોઘા ફદેલી સિકોતર ચોક ખોડીયાર માતાના મંદિર ની સામે રમેશભાઇ લવજીભાઇ ગોહિલ નાઓના મકાન ની ઉપર આવેલ ધાબા ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો જુગાર રમે છે અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે.**" જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ સીડી વાટે ધાબા ઉપર જઇ રેઇડ કરી જુગાર રમતા છ પૂરૂષ તથા એક મહિલાને મળી કુલ સાત આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૧,૮૨૦/- તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૧,૪૦૦/-કૂલ્લે રોકડ કિ.રૂ.૧૩,૨૨૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૪ કુલ્લે કિ.રૂ.૧૧,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૨૪,૨૨૦/-ના મુદ્દામાલ ના સાથે ક.૨૦/૧૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૯/૦૩/૨૦૨૧

આરોપીઓનું નામ :-(૧)રમેશભાઇ સ/ઓ લવજીભાઇ જાતે ગોહિલ ઉ.વ.૫૯ રહે,સિકોતર ચોક ખોડીયાર માતાના મંદિર ની સામે ફદેલી સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર +૬=૭

મુદ્દામાલ :- અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૧,૮૨૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૧,૪૦૦/-કૂલ્લે રોકડ કિ.રૂ.૧૩,૨૨૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૪ કુલ્લે કિ.રૂ.૧૧,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૨૪,૨૨૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા વુ.લોકરક્ષક કવિતાબેન પ્રભુદાસભાઇ બ.નં-૧૧૧૭૫

આરોપીઓનો ફોટો



સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન : **સમાચાર યાદી નં.૫૧૦/૨૦૨૧**

કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૧૮/૨૦૧૨ ઇપીકો કલમ ૩૦૭, ૫૦૪ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના સેસન્સ કેસ નં.૨૮૭/૧૯૯૦ મુજબના કામે આરોપી અલ્લાઉદ્દીન પીરસાબ શેખ (રહે. ખાનપુર રોયલ એપાર્ટમેન્ટ પાછળ, નદીના છાપરામાં હુસેની ચોકી, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી પરવીનકુમાર સતીષકુમાર સાહેબ, અધિકસત્ર ન્યાયધીશ, કોર્ટ નં.૨૦, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૪/૨૦૨૧ નારોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૧૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૦૫ લીટર દેશી દારૂ, ૩૪૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૫૫,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૧૩/૨૦૨૧**

સરખેજઃ કામીલખાન ઇબ્રાહીમખાન શેખ (ઉ.વ.૩૨) (રહે. આશીયાના ડુપલેક્ષ સોના-૨ ની અંદર ફતેવાડી) એ તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી જીશાન ઝબ્બારખાન પઠાણ (રહે. અલશાખા પાર્ક ફતેવાડી) (હાલ રહે. ગામ-ચુલબુલી પોસ્ટ-ગંગોલી તા.સાહગંજ જી.જોનપુર ઉત્તરપ્રદેશ) એ સને-૨૦૧૭ થી માહે જુલાઈ-૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કામીલખાન શેખને વિશ્વાસમા લઇ કપડાના ધંધામા રોકાણ કરવાનુ કહી ચેકથી તેમજ બેંકના માધ્યમથી રૂપિયા ૨૩,૯૭,૦૦૦/- મેળવી લઈ કામીલખાન શેખના નામે અલગ-અલગ આઠ બેંકના ક્રેડીટ કાર્ડ કઢાવી તેમાંથી આશરે રૂપિયા ૧૮,૬૨,૦૦૦/- ખર્ચ કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી લવજીભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૧૪/૨૦૨૧**

ચાંદખેડાઃ જલ્પાબહેન વા/ઓ સેતુલકુમાર વકીલ (ઉ.વ.૩૦) (રહે. મુળ- ઉપકાર સોસાયટી હરીનગર વડોદરા, હાલ રહે. ન્યાયધીશ નિવાસ વિકાસવાડી રાપર કરછ) એ તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૧ સાજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, દરવાજા નંબર-૨ નજીકથી જપ્લાબહેનની નજર ચુકવી ખીસ્સામાંથી મોબાઇલ I-PHONE 12.PRO કિમત રૂપિયા ૧,૨૯,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

સોનાની ચઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૧૫/૨૦૨૧**

મેઘાણીનગરઃ હિરાબહેન શ્રવણભાઇ પ્રજાપતિ (ઉ.વ.૫૯) (રહે. કેશવબાગ સોસાયટી વિભાગ-૧ તાતાનગરની બાજુમાં મેઘાણીનગર) તા.૧૮/૦૩/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે એક એક્ટીવા પર આવેલ બે પુરૂષ રહેણાંક નજીક થી હિરાબહેન પ્રજાપતિના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિરાબહેન પ્રજાપતિએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

નરોડાઃ રમેશભાઇ નટુભાઇ પટેલ (ઉ.વ.૫૮) (રહે. પ્રભુપાલ સોસાયટી પાયલનગર બગીચા પાસે નરોડા) તા.૧૭/૦૩/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા પાયલનગર સોસાયટીના ચાર રસ્તા નજીક્થી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રમેશભાઈ પટેલના ગળામાંથી સોનાની રૂદ્રાક્ષ માળા કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમેશભાઈ પટેલએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

બાપુનગરઃ આશાબહેન પ્રભાતસિહ પરધવી (ઉ.વ.૩૪) (રહે. જીવરાજ કોલોની અનુપમ કોલોની પાછળ "ડી" માર્ટ સામે બાપુનગર) તા.૧૭/૦૩/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ઈંન્ડીયા કોલોની રોડ જગતનગર સોસાયટી વિભાગ-૨ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આશાબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે ઝુટવી લેતા આશાબહેને સોનાની ચેઈન પકડી લેતા સોનાની ચેઈનમાંથી સોનાનુ પેડલ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આશાબહેને બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૧૬/૨૦૨૧**

રિવરફ્રંટ ઈસ્ટઃ અનીલ ઉર્ફે ટીલુ હસમુખભાઇ નાયક (રહે.ભરવાડ શાસ્ત્રીનગર પોલીસ લાઇન સામે લીલાનગર ઘાટલોડીયા નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૩/૨૦૨૧ બપોરના ૪/૧૫ વાગ્યા પહેલા દુધેશ્વરબ્રિજ નીચે ઈ.પોલ.નંબર DGEL-1401 પાસે વોક-વે નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ હીરલબહેન વા/ઓ રોશનભાઇ વેગડ (ઉ.વ.૩૫) (રહે. સાયોના કૃપા બંગ્લોઝ) ને પતિ સાથે મનમેળ ન હોઈકોર્ટ મેટર ચાલતી હોઈ ઘાટલોડીયા જનતાનગર રોડ પ્રીત રેસીડેન્સીની બાજુમા વિભાગ-૦૩ ભાગ્યોદય સોસાયટી ખાતે પોતાના પિતાના ઘરે રહેતા હોઈ મનમાં લાગી આવતા તા.૧૭/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પિતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

મેઘાણીનગરઃ મંજુબહેન કરણભાઇ વણઝારા (રહે. ન્યુ અંબિકાનગર વિભાગ-૨ ડમરૂ સર્કલ પાસે મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૩/૨૦૨૧ બપોરના ૧/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી